सत्यमेव जयते

**દાખલ તારીખઃ–૧૩/૦૭/૨૦૨૨**

**ફેસલ તારીખઃ–૦૯/૦૬/૨૦૨૬**

**કુલ સમય ગાળોઃ–**

**વર્ષઃ ૦૩ માસઃ ૦૮ દિવસઃ ૨૭**

**પોરબંદરના નામદાર પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મું. પોરબંદર**

**ક્રિ.કે.નં.4438/2022**
**આંકઃ**

**ફરીયાદીઃ–** **શ્રી સરકાર.**

**વિરુધ્ધ**

**આરોપીઓઃ–**
**૧) સાગર ઉર્ફે ડબલુ મુળજીભાઈ મોતીવરસ (એબેટ)**
**૨) વિશાલ માલદેભાઈ પાંડાવદરા,**
**રહે.આશાપુરા ઘાસ ગોડાઉન પાછળ, મફતીયાપરા,**
**પોરબંદર,**
**૩) ચિરાગ ધનજીભાઈ વાજા,**
**રહે. બોખીરા તુંબડા શંકરના મંદિર સામે, પોરબંદર,**
**૪)વિજય ગોવિંદભાઈ ટુકડીયા,**
**રહે. આશાપુરા ચોક, જગદીશ ગેસ ગોડાઉનની પાછળ,**
**પોરબંદર**
**૫)નાગાજણ વિરમભાઈ બોખીરીયા,**
**રહે. રાણાવાવ, આહીર વાડી, જામનગર ચોકડી**
**જી.પોરબંદર.**

**ગુન્હોઃ– ઈ.પી.કો.૧૪૩, ૧૪૭, ૧૪૯, ૪૨૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા**
**જી.પી. એકટ ક. ૧૩૫ મુજબ**

ફરીયાદપક્ષે મદદનીશ સરકારી વકીલશ્રી જાડેજા.
આરોપી નં. ૨ તરફે વિધ્વાન વકીલ શ્રી એન.બી.ઓડેદરા.
આરોપી નં. ૩, ૪, ૫ તરફે વિ.વ.શ્રી ટી.એલ. કુહાડા.

## // ઠ રા વ //

૧). ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નં. ૧ (એબેટ) નાએ અગાઉના મનદુખના કારણે કાયદાના સંઘર્ષમા આવેલ કિશોર તથા બીજા ચારેક અજાણ્યા માણસો સાથે ગેરકાયેદેસર મંડળી રચી ફરીયાદીના ઘર આગળ આવી ફરીયાદીને જેમ ફાવે તેમ ગાળો કાઢી તારા દિકરા ખુશાલને બહાર કાઢ આજે એને મારી નાખવો છે તેવી ધમકી આરોપી નં. ૧(એબેટ) નાએ આપી આરોપીઓએ કાચની સોડા બોટલો તથા લાકડાના ધોકાથી ફરીયાદીના ઘર આગળ રાખેલ સ્કુટર જેના રજી. નં. જી.જે.૨૫. એ.ડી.૧૦૨૮ મા તથા સાહેદ જશુબેન ગીરીશભાઈના ઘર આગળ પડેલા સ્કુટરમા આડેધડ સોડા બોટલો તથા લાકડાના ધોકા મારી બંને વાહનોમા આશરે પાંચેક હજારનુ નુકસાન કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરતા હાલના ગુનાનુ ચાર્જશિટ કરવામાં આવેલ છે.

૨). સદર કામે આરોપીઓને સમન્સ કરતા તેઓને બજી જતા કોર્ટમાં હાજર થતા તેમને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓની સામે આંક–૩૫ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે તે તેઓને વાંચી સંભળાવી સમજાવતા આંક–૩૬ થી આંક–૩૯ સુધી પ્લી લેતા તેઓએ ગુનાનો ઇન્કાર કરતા ફરીયાદપક્ષના પુરાવા પર રાખવામાં આવેલ છે.

૩). સદર કામે ફરીયાદ પક્ષના પુરાવાના અંતે આરોપીઓની વિરૂધ્ધ આવેલ પુરાવા સબંધે આરોપીઓનુ ક્રિ. પ્રો. કોડ ની કલમ ૩૧૩ અન્વયે વધુ જવાબ લેવામાં આવતા આરોપીઓએ વધુ સાહેદો તપાસવા નથી કે સોગંદ પર જુબાની આપવી નથી તેવુ જાહેર કરેલ છે. વધુમા પોતાની સામે ખોટો કેસ કરેલાનુ તેમજ નિર્દોષ હોવાની હકીકત જણાવે છે.

૪). સદર કામે બંને પક્ષ ની દલીલો તથા રજુ કરવામાં આવેલ પુરાવા ધ્યાને લેતા મારા નિર્ણયો માટે નીચે મુજબ ના મુદ્દા ઓ ઉપસ્થિત થાય છે.

(૧) શુ ફરીયાદપક્ષ સાબીત કરે છે કે, આ કામના આરોપી નં. ૧(એબેટ) નાએ અગાઉના મનદુખના કારણે કાયદાના સંઘર્ષમા આવેલ કિશોર તથા બીજા ચારેક અજાણ્યા માણસો સાથે ગેરકાયેદેસર મંડળી રચી ફરીયાદીના ઘર આગળ આવી ફરીયાદીને જેમ

ફાવે તેમ ગાળો કાઢી તારા દિકરા ખુશાલને બહાર કાઢ આજે એને મારી નાખવો છે તેવી ધમકી આરોપી નં. ૧(એબેટ) નાએ આપી આરોપીઓએ કાચની સોડા બોટલો તથા લાકડાના ધોકાથી ફરીયાદીના ઘર આગળ રાખેલ સ્કુટર જેના રજી. નં. જી.જે.૨૫. એ.ડી.૧૦૨૮ મા તથા સાહેદ જશુબેન ગીરીશભાઈના ઘર આગળ પડેલા સ્કુટરમા આડેધડ સોડા બોટલો તથા લાકડાના ધોકા મારી બંને વાહનોમા આશરે પાંચેક હજારનુ નુકસાન કરી જાનથી મારી નાખવાની ધમકી આપી આ અદાલતની હકુમતમા ૧૪૩, ૧ ૪૭, ૧૪૯, ૪૨૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટ ક. ૧૩૫ મુજબનો ગુનો કરેલો છે ?

(૨) શું હુકમ?

૫). ઉપરોક્ત મુદ્દાઓ માટેના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

૬) ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રીએ રેકર્ડ મુજબ લંબાણપુર્વક દલીલો કરતા જણાવેલ છે કે, તમામ સાહેદોએ પુરાવો આપેલ હોઈ આરોપીઓને સખ્ત સજા કરવા રજુઆત કરેલ છે. બચાવપક્ષે વિ.વ.શ્રીએ દલીલોમા જણાવેલ છે કે, મોટા ભાગના સાહેદો ઘરના હોઈ હીત ધરાવતા સાહેદોના નિવેદનો જ લીધેલ છે. સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. જેથી સમગ્ર હકીકતે ખોટી ફરીયાદ કરેલ હોઈ આરોપીને લાભ આપવા રજુઆત કરેલ છે.

૭) આ કામે ફરીયાદપક્ષે આંક–૬૨ થી ફરીયાદી ગીતાબેન વિનોદભાઈને તપાસતા તેઓએ જણાવેલ છે કે, બનાવ આશરે ૩ વર્ષ પહેલા બનેલ. જે તારીખ હાલ યાદ નથી. જે રાત્રિના ૩ વાગે ખારવાવાડમા અમારા ઘર પાસે બનેલ. બનાવમા રાત્રિના બાર વાગ્યાથી સાગર ડબલુ અમોને ફોન કરી મને તથા મારા દીકરા જયને બોલાવતા હતા. જેથી મારી દેરાણી ગીતાબેને આવવાનુ કહેતા તેઓએ એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે આવવાનુ જણાવેલ. જેથી મારી દેરાણી બસ સ્ટેન્ડ પાસે ગયેલ. જ્યાં કોઈ મળી આવેલ ન હોઈ પરત આવી ગયેલ. બાદ અમને ફોન કરી ગાળો દેતા હોઈ અમોએ રાત્રિના અઢી વાગ્યાની આસપાસ ફોન સ્વીચ ઓફ કરી નાંખેલ. તેવામા ૩ વાગે અમે સુવાની તૈયારી કરતા હતા તેવામા આશરે દશ થી પંદર લોકો અમારા ઘર ઉપર કાચની બોટલથી ઘા કરવા લાગેલ. બાદ આજુબાજુના માણસો ઉઠી ગયેલ. આ સમયે સાગર ડબલુ તથા કાયદાના સંઘર્ષમા આવેલ કિશોર(જુવેનાઈલ) હતા. જેઓના મોઢા

ખુલ્લા બાકીના મોઢે રૂમાલ બાંધેલ હતા. જે આશરે પંદર જેટલા માણસો હતા. મને આશરે ૨૫ થી ૩૦ હજારનુ નુકશાન થયેલ. જે સબંધે ફરીયાદ કીર્તીમંદીર પો.સ્ટે.મા આપેલ. ત્યારબાદ આરોપી તરફેની ઉલટતપાસમા જણાવેલ છે કે, એ વાત ખરી છે કે ફરીયાદમા મોઢે રૂમાલ બાંધેલાની હકીકત લખેલ નથી. એ વાત ખરી છે કે આરોપીઓની કોઈ ઓળખપરેડ કરાવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ ઘણા મકાનો આવેલ છે. ત્યારબાદ આરોપી નં. ૩ તથા ૫ તરફેની ઉલટતપાસમા જણાવેલ છે કે,એ વાત ખરી છે કે ફરીયાદમા આરોપી નં.૩ તથા ૫ નુ નામ લખેલ નથી તથા સરતપાસમા પણ જણાવેલ નથી.

ત્યારબાદ આંક–૫૭ થી સાહેદ ગીતાબેન અશ્વીનભાઈ જુંગીને તપાસતા જણાવેલ છે કે, બનાવ આશરે ૩ વર્ષ પહેલા બનેલ. જે તારીખ હાલ યાદ નથી. બનાવમા અમારા ઘરે રાખેલ મોબાઈલમા સાગર ડબલુ તથા કાયદાના સંઘર્ષમા આવેલ કિશોર(જુવેનાઈલ) ફોન કરી જય, જે અમારા જેઠના દીકરા થાય તેને ધમકાવતા હોઈ મે ફોન લઈ લીધેલ. અમારા છોકરાને એસ.ટી.એ બોલાવતા હુ એસ.ટી. ગયેલ. જ્યાં જઈને જોયેલ તો ત્યાં કોઈ હાજર ન હોઈ બાદ રાત્રે અઢી વાગે સુવાની તૈયારી કરતા હતા તે સમયે બહાર જઈને જોતા સોડા બાટલીના ઘા અમારા ઘર પર સાગર તથા કાયદાના સંઘર્ષમા આવેલ કિશોર(જુવેનાઈલ) કરતા હતા. તેમની સાથે આશરે પંદર જણા મોઢે રૂમાલ બાંધેલ હતા. જેઓને હુ ઓળખી શકુ નહી. ફરીયાદી મારા જેઠાણી થાય છે. ત્યારબાદ આરોપી નં. ૨ તરફેની ઉલટતપાસમા જણાવેલ છે કે, એ વાત ખરી છે કે કહેવાતો બનાવ રાત્રિના સમયે બનેલ. એ વાત ખરી છે કે આરોપીઓની કોઈ ઓળખપરેડ કરાવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ ઘણા મકાનો આવેલ છે.

ત્યારબાદ આંક–૫૮ થી સાહેદ અશ્વીનભાઈ રામજીભાઈ જુંગીને તપાસતા જણાવેલ છે કે, બનાવ આશરે ૩ વર્ષ પહેલા બનેલ. જે તારીખ હાલ યાદ નથી. બનાવમા અમારા ઘરે રાખેલ મોબાઈલમા સાગર ડબલુ તથા કાયદાના સંઘર્ષમા આવેલ કિશોર(જુવેનાઈલ) ફોન કરી જય, જે અમારા જેઠના દીકરા થાય તેને ધમકાવતા હોઈ મારી પત્નીએ ફોન લઈ લીધેલ. અમારા છોકરાને એસ.ટી.એ બોલાવતા હુ તથા મારી પત્ની એસ.ટી. ગયેલ. જ્યાં જઈને જોયેલ તો ત્યાં કોઈ હાજર ન હોઈ બાદ રાત્રે અઢી વાગે સુવાની તૈયારી કરતા હતા તે સમયે બહાર જઈને જોતા સોડા બાટલીના ઘા અમારા ઘર પર સાગર તથા કાયદાના સંઘર્ષમા આવેલ કિશોર(જુવેનાઈલ) કરતા હતા. તેમની સાથે આશરે પંદર જણા મોઢે રૂમાલ બાંધેલ હતા. જેઓને હુ ઓળખી શકુ નહી. ફરીયાદી મારા ભાભી થાય છે. ત્યારબાદ આરોપી નં. ૨ તરફેની ઉલટતપાસમા જણાવેલ છે કે, એ વાત ખરી છે કે કહેવાતો બનાવ રાત્રિના સમયે બનેલ. એ વાત

ખરી છે કે આરોપીઓની કોઈ ઓળખપરેડ કરાવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ ઘણા મકાનો આવેલ છે.

ત્યારબાદ આંક–૫૯ થી સાહેદ અજયભાઈ વિનોદભાઈ જુંગીને તપાસતા તેઓએ જણાવેલ છે કે, ફરીયાદી મારા માતા થાય છે. બનાવ આશરે ૩ વર્ષ પહેલા બનેલ. જે તારીખ હાલ યાદ નથી. બનાવમા રાત્રિના સાડા બાદ વાગે સાગર ડબલુ તથા કાયદાના સંઘર્ષમા આવેલ કિશોર(જુવેનાઈલ) ફોન કરી મારા ભાઈને ધમકી આપતા હતો. બાદ રાત્રે અઢી વાગે સુવાની તૈયારી કરતા હતા તે સમયે બહાર જઈને જોતા સોડા બાટલીના ઘા અમારા ઘર પર સાગર તથા કાયદાના સંઘર્ષમા આવેલ કિશોર(જુવેનાઈલ) કરતા હતા. તેમની સાથે આશરે પંદર જણા મોઢે રૂમાલ બાંધેલ હતા. જેઓને હુ ઓળખી શકુ નહી. ત્યારબાદ આરોપી નં. ૨ તરફેની ઉલટતપાસમા જણાવેલ છે કે,એ વાત ખરી છે કે કહેવાતો બનાવ રાત્રિના સમયે બનેલ. એ વાત ખરી છે કે આરોપીઓની કોઈ ઓળખપરેડ કરાવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ ઘણા મકાનો આવેલ છે.

ત્યારબાદ આંક–૬૫ થી સાહેદ કીરીટભાઈ રામજીભાઈ જુંગીને તપાસતા જણાવેલ છે કે, બનાવ આશરે બે અઢી વર્ષ પહેલા પાલાવાડાના ચોકમા પીરવાળી ગલીમા રાત્રિના અઢીથી ત્રણ દરમ્યાન બનેલ. બનાવમા ગીતાબેનના ઘરે બનેલ. ગીતાબેનનુ પુરુ નામ ગીતાબેન વિનોદભાઈ છે. જે મારા ભાભી થાય છે. જેમના ઘરે જઈ આશરે પંદર ઈસમો મોઢે રૂમાલ બાંધી સોડા બાટલીના છુટા ઘા કરતા હતા. જેમા ગીતાબેનના ઘરમા તથા સ્કુટરમા નુકશાન થયેલ. ત્યારબાદ આરોપી નં. ૨ તરફેની ઉલટતપાસમા જણાવેલ છે કે,એ વાત ખરી છે કે કહેવાતો બનાવ રાત્રિના સમયે બનેલ. એ વાત ખરી છે કે આરોપીઓની કોઈ ઓળખપરેડ કરાવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ ઘણા મકાનો આવેલ છે. આ સાહેદને આંક–૮૫ થી શરતચુકથી બીજી વખત તપાસવામાં આવેલ છે.

ત્યારબાદ આંક–૬૮ થી સાહેદ દિપકભાઈ શામજીભાઈને તપાસતા જણાવેલ છે કે, બનાવ આશરે બે અઢી વર્ષ પહેલા પાલાવાડાના ચોકમા પીરવાળી ગલીમા રાત્રિના અઢી થી ત્રણ દરમ્યાન બનેલ. બનાવમા ગીતાબેનના ઘરે બનેલ. ગીતાબેનનુ પુરુ નામ ગીતાબેન વિનોદભાઈ છે. જે મારા પાડોશી થાય છે. જેમના ઘરે જઈ આશરે પંદર ઈસમો મોઢે રૂમાલ બાંધી સોડા બાટલીના છુટા ઘા કરતા હતા. જેમા ગીતાબેનના ઘરમા તથા સ્કુટરમા નુકશાન થયેલ. ત્યારબાદ આરોપી નં.૨ તરફેની ઉલટતપાસમા જણાવેલ છે કે, એ વાત ખરી છે કે કહેવાતો બનાવ રાત્રિના સમયે બનેલ. એ વાત ખરી છે કે આરોપીઓની કોઈ ઓળખપરેડ કરાવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ ઘણા મકાનો આવેલ છે.

ત્યારબાદ આંક–૭૫ થી ત.ક.અ. ભરતભાઈ રામભાઈ પરમારને તપાસતા જણાવેલ છે કે, તા.૨૩–૫–૨૨ ના રોજ કીર્તીમંદિર પો.સ્ટે. મા હાજર હતા તે દરમ્યાન ફરીયાદી અમારી પાસે આવેલ તેમજ તેમની ફરીયાદ લખાવેલ, જે તેમના લખાવ્યા મુજબની ફરીયાદ અમે નોંધી લીધેલ. ફરીયાદીની ફરીયાદ સબંધે પી.એસ.ઓ. ધ્વારા આગળની તપાસ અમોને સોપવામા આવેલ. જે તપાસ સંભાળી બનાવવાળી જગ્યાએ જઈ પંચોને બોલાવી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ, ત્યાર બાદ આરોપી સ્વખુશી હાજર થતા આરોપીઓની અટક કરી જીલ્લા મેજી. સાહેબના જાહેરનામા તપાસના કામે સામેલ રાખી સાહેદોના તેમના લખાવ્યા મુજબના નિવેદનો નોધેલ. આરોપીઓ સામે પુરતો પુરાવો હોઈ ચાર્જશીટ કરેલ. ત્યારબાદ આરોપી તરફેની ઉલટતપાસમા જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા જાહેર વિસ્તાર છે. ફરીયાદમા આરોપી નં.૨ નુ નામ કયાંય દર્શાવેલ નથી. સાહેદ જણાવે છે કે અજાણ્યા માણસ લખેલ છે. સાહેદોના નિવેદનોમા આરોપી નં.૨ નુ નામ કયાંય દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપી નં.૨ પાસેથી કોઈ મુદ્દામાલ હથિયાર કબજે કરેલ નથી. આરોપી નં.૨ ની ઓળખપરેડ કરાવેલ નથી. આ સાહેદને આંક–૯૧ થી શરતચુકથી બીજી વખત તપાસવામાં આવેલ છે.

ત્યારબાદ આંક–૬૯ થી સાહેદ જશુબેન ગીરીશભાઈ વીસાવાને તપાસતા જણાવેલ છે કે, બનાવ આશરે અઢી વર્ષ પહેલા પાલાણા ચોક પાસે રાત્રિના બે થી ત્રણ વાગ્યે બનેલ. બનાવમા આરોપીઓ ગીતાબેનના ઘર પાસે આવેલ. જેમા સાગર ડબલુ આવેલ. તેની સાથે બીજા કોણ આવેલ તે ખબર નથી. આ લોકો મારા સ્કુટરમા લાકડાથી મારતા હોઈ મારી દીકરીએ રાડ પાડેલ. જેથી મે જોયેલ તો સાગર સ્કુટરમા ઘા કરતો હતો. જેથી મે તેને શા માટે ઘા કરે છે તેમ પુછેલ. તેણે મારા ઘર પર બોટલનો ઘા કરેલ. આ સાહેદને આંક–૮૬ થી શરતચુકથી બીજી વખત તપાસવામાં આવેલ છે.

ત્યારબાદ આંક–૬૮ થી સાહેદ દિપકભાઈ શામજીભાઈ પાંજલીને તપાસતા જણાવેલ છે કે, બનાવ આશરે બે વર્ષ પહેલા અમારા ફળીયામા રાત્રિના બે સવા બે વાગ્યે બનેલ. તે સમયે સાગર ડબલુ સોડાની બોટલના ઘા કરતા હતા. તેની સાથે બીજા લોકો હતા. જેને જોયે ઓળખતો નથી. આ લોકો કાચની બોટલોના ઘા આજુબાજુ કરતો હતો. જે નશામા હતો. આ સાહેદને આંક–૮૭ થી શરતચુકથી બીજી વખત તપાસવામા આવેલ છે.

૮) બંને પક્ષની દલીલ સાંભળી. આ કામે કુલ પાંચ આરોપીઓ સામે ચાર્જશિટ થયેલ છે તેમજ કાયદાના સંઘર્ષમા આવેલ કિશોરનાઓ જુવેનાઈલ હોય તેઓનુ અલગથી ચાર્જશિટ થયેલાનો ઉલ્લેખ રેકર્ડમાં આવેલ છે તેમજ હાલના ચાર્જશિટના આરોપીઓ પૈકી આરોપી સાગર ડબલુ મુળજીભાઈ ચાલુ કાર્યવાહી દરમિયાન અવસાન પામેલ હોય તેમના પુરતી કાર્યવાહી એબેટ

કરવામાં આવેલ છે. જેથી આ ચુકાદામા આરોપી વિશાલ, ચિરાગ, વિજય અને નાગાજણભાઈ વિરુઘ્ધ પુરાવો રેકર્ડ ઉપર ઉપલબ્ધ છે કે કેમ તે જ ચકાસવાનુ રહે છે. જે સંબંધે રેકર્ડ જોવામા આવે તો આંક–પર થી ફરીયાદી ગીતાબેને તેમના પુરાવામા સરતપાસમા માત્ર સાગર તથા કાયદાના સંઘર્ષમા આવેલ કિશોર(જુવેનાઈલ) આ બે જ ઈસમોના નામ જણાવેલ છે તેમજ ઉલટતપાસમા આરોપીઓની કોઈ ઓળખ પરેડ કરાવેલ ન હોવાનુ સ્વીકારેલ છે. તે જ રીતે સાહેદ ગીતાબેન અશ્વિનભાઈએ આંક–૫૭ ની સરતપાસમા માત્ર સાગર તથા કાયદાના સંઘર્ષમા આવેલ કિશોર(જુવેનાઈલ)નુ જ નામ જણાવેલ છે તેમજ બનાવ રાત્રીના સમયે હોવાનુ તેમજ આરોપીઓની કોઈ ઓળખ પરેડ કરેલ ન હોવાનુ સ્વીકારેલ છે. તે જ રીતે સાહેદ અશ્વિનભાઈ રામજીભાઈએ આંક–૫૮ ની સરતપાસમા સાગર તથા કાયદાના સંઘર્ષમા આવેલ કિશોર(જુવેનાઈલ) બે ઈસમોના જ નામ જણાવેલ છે. તે જ પ્રકારે સાહેદ અજયભાઈ વિનોદભાઈએ આંક–૫૯ ની સરતપાસમા સાગર તથા કાયદાના સંઘર્ષમા આવેલ કિશોર(જુવેનાઈલ) બે જ ઈસમોના અન્ય કોઈ ઈસમોના નામ જણાવેલ નથી. તે હકીકત લક્ષમા લેતા હાલના ચાર્જશિટમા જે અન્ય આરોપીઓના નામ દર્શાવેલ છે તે સંબંધેનો કોઈ પુરાવો આવેલ નથી. આ કામે પંચસાહેદ ગીરીશભાઈ તથા પંચસાહેદ કેવલભાઈને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. આંક–૬૫ ના સાહેદ કીરીટભાઈએ હાલના આરોપીઓ પૈકી કોઈપણ આરોપીનુ નામ જણાવેલ નથી. તે જ રીતે આંક–૬૬ થી લલીતાબેન તથા આંક–૬૭ થી જશુબેન તથા આં ક–૬૮ થી દિપકભાઈએ હાલના આરોપીઓ વિરુઘ્ધ કોઈપણ પુરાવો આપેલ નથી કે આરોપીઓના નામ જણાવેલ નથી. આંક–૭૧ થી પંચ દિનેશભાઈને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. આંક–૭૫ થી તપાસનીસ અમલદારે પણ આરોપી નં. ર નુ નામ સાહેદોના નિવેદનમા જણાવેલ ન હોવાનુ સ્વીકારેલ છે. આ કામે અમુક સાહેદો તથા તપાસનીસ અમલદારની જુબાની શરતચુકથી બે વખત નોંધવામાં આવેલ છે. આમ, સમગ્ર હકીકતે હાલના આરોપીઓ વિશાલ, ચિરાગ, વિજય અને નાગાજણ વિરુઘ્ધ કોઈપણ સાહેદે લેશ માત્ર પુરાવો આપેલ ન હોય જે આરોપીઓના નામ ફરીયાદી તથા સાહેદોના પુરાવામા આવેલ છે તે આરોપીઓ પૈકી સાગર ડબલુનુ અવસાન થયેલ હોય તેમજ કાયદાના સંઘર્ષમા આવેલ કિશોર જુવેનાઈલ હોય તે સંબંધે અલગ કાર્યવાહી ચલાવવામાં આવેલ હોય હાલના આરોપીઓનો કોઈ રોલ કહેવાતા બનાવમા જણાતો ન હોય આરોપીઓ વિરુઘ્ધનો કેસ પુરવાર કરવામા ફરીયાદપક્ષ સફળ રહેલ ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## :: આ ખ રી હુ ક મ ::

(૧) આરોપીઓને બી.એન.એસ. ક. ૨૭૧(૧) જુના ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.કલમ– ૧૪૩, ૧૪૭, ૧૪૯, ૪૨૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એકટ ક. ૧૩૫ મુજબના આક્ષેપાયેલા શિક્ષા પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) આરોપીઓના હાલના જામીનખત રદ કરવા તેમજ આરોપીઓએ સી.આર.પી.સીની કલમ ૪૩૭(એ) અન્વયે અપીલ થતા સુધીના રૂા.૧૫,૦૦૦/– પંદર હજાર પુરાના જામીન રજુ કરવા.

આજ રોજ તારીખ :– ૦૯ જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

| | | |
|---|---|---|
| તા.૦૯–૦૬–૨૦૨૬. | | ( બી. જે. પટેલ ) |
| | | એડીશ્નલ ચીફ જયુડી.મેજી. પોરબંદર. |
| | | કોડ નંબર જી.જે. ૦૦૯૭૭ |